આદર્શ નિવાસી શાળા, થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-ના ખર્ચને વર્ષ ૨૦૨૪-૨૫ માં ખર્ચ કરવાની મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક:**SJED/MIS/e-file/17/2023/1118/A-1**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**
(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૯/૦૧/૨૦૨૪ નો સમાનાંકી ઠરાવ.
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર નો તા.૦૬/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંકઃ વિજાક/છ-શાખા/મરામત/૨૦૨૪૨૫/૩૦.

**આમુખ :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૨૯/૦૧/૨૦૨૪ ના સમાનાંકી ઠરાવથી આદર્શ નિવાસી શાળા, થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/- નો ખર્ચ કરવાની મંજૂરી આપવા આવેલ હતી. પરંતુ, કાર્યપાલક ઇજનેરશ્રી, મહેસાણા વિદ્યુત(મા.મ.) વિભાગ, મહેસાણા દ્વારા ઉક્ત કામગીરી માર્ચ-૨૦૨૪ માસમાં હાથ ધરેલ હોઇ, સદરહુ કામગીરી સમયના અભાવે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પૂર્ણ થઇ શકેલ ન હોઇ, નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલ ક્રમ (૨) પરના તા.૦૬/૦૧/૨૦૨૫ ના પત્રથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.), થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ ચૌર્યાસી હજાર બસો સાઇઠ પૂરા) ને વર્ષ ૨૦૨૪-૨૫ માં ખર્ચ કરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા, થરાદમાં વીજળીકરણ તથા સ્ટ્રીટલાઇટના રીનોવેશનના કામ માટે થનાર રૂા.૧૯,૮૪,૨૬૦/-ના ખર્ચને વર્ષ ૨૦૨૪-૨૫ માં કરવાની મંજૂરી આપવા નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

1. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવ/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
2. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
3. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચતરહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.
4. આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો આ વિભાગને રજૂ કરવાની રહેશે.

**૨.** આ અંગેનું ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

**૩.** આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સક્ષમ કક્ષાએથી તા.૧૬/૦૨/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KETANKUMAR ADHELABHAI DAMOR
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Feb-2025 (06:30 PM)

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી, મહેસાણા વિદ્યુત (મા. મ.) પેટા વિભાગ, ત્રીજો માળ, બ્લોક નં.૧, બહુમાળી

મકાન, મહેસાણા.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.), બનાસકાંઠા. (નિયામકશ્રી (વિ.જા.ક.)મારફત)
- સેકશન અધિકારીશ્રી(બજેટ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.